ઉક્ત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે સ્નાતકકક્ષાના અભ્યાસક્રમોમાં ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ મારફત કોઈપણ યુનિવર્સિટી-કોલેજ ખાતે વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવેલ છે. જે પૈકી UG ખાસ તબક્કા-૨માં અન્ય પસંદગીની કોલેજ ખાતે પ્રવેશ મેળવવા સારું હાલનો કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે તથા યુનિવર્સિટીઓ દ્વારા અત્રે કરવામાં આવેલ રજૂઆતને ધ્યાને લેતાં UG પ્રવેશપ્રક્રિયાના ખાસ તબક્કા-૨માં GCAS પોર્ટલ પર તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાક થી તા.૨૨/૦૭/૨૦૨૫ના રોજ રાત્રે ૧૦:૦૦ કલાક સુધી (કુલ દિન-૦૨) Admission Cancellation Windowની સુવિધા શરૂ કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ તેમનો હાલનો પ્રવેશ રદ કરાવી અને પસંદગીની નવી કોલેજ ખાતે પ્રવેશ મેળવી શકે.

પરંતુ, UG ખાસ તબક્કા-૨માં Admission Cancellation Windowની સુવિધા અન્વયે અગાઉના તબક્કામાં પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવનાર વિદ્યાર્થીઓ અન્ય નવી પસંદગીની કોલેજ ખાતે પ્રવેશ મેળવવા સારું Admission Cancellation Windowની સુવિધા અન્વયે હાલનો પ્રવેશ રદ કરાવે છે અને જો કોઈ વિદ્યાર્થીને પ્રવેશ માટે ઓફર ન મળે તથા વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહી જાય તો આ બાબતે GCAS જવાબદાર રહેશે નહીં.

આથી UG ખાસ તબક્કા-૨ અન્વયે Admission Cancellation Windowની સુવિધા અન્વયે પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીઓ આ તબક્કામાં તેઓને મળેલ ઓફરની સામે પ્રવેશના આખરી રાઉન્ડ સુધીમાં તેમની પસંદગીની અન્ય યુનિવર્સિટી-કોલેજ ખાતે તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવી લે તે મુજબની યુનિવર્સિટી-કોલેજ કક્ષાએથી વિદ્યાર્થીઓને સૂચના આપવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. વધુમાં, વિદ્યાર્થીઓને Admission Cancellation Windowની સુવિધા જાણકારી મળી રહે તે માટે યુનિવર્સિટી તથા કોલેજ કક્ષાએથી જરૂરી પ્રચાર-પ્રસાર કરવા આથી જણાવવામાં આવે છે.

(માન. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ અને સીઇઓ, કેસીજીની તા. 18.07.25ના રોજ નોંધ પર મળેલ મંજૂરી અનુસાર)